# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૫ તા.૧૯-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પોષણ અભિયાન અંતર્ગત ''રાષ્ટ્રીય પોષણ માહ'' તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર - ૨૦૨૪ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- (૧) કમિશનર, પીએમપોષણ યોજના, ગુ.રા., ગાંધીનગરના પત્ર નં. સીએમએમએસ/ ૦૦૩૦/ ૦૯/૨૦૨૪, તા. ૦૬-૦૯-૨૦૨૪

(૨) નાયબ કલેકટર, પી.એમ.પોષણ યોજના શાખા, મણીનગર, અમદાવાદના પત્ર નં. મભય/અશ/વશી-૨૮૪ થી ૨૮૫/૨૦૨૪ જા.નં. ૨૩૫ થી ૨૩૭, તા.૩૦-૦૮-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે,''રાષ્ટ્રીય પોષણ માહ'' તરીકે સપ્ટેમ્બર-૨૦૨૪ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. તે અંતર્ગત સરકારશ્રી દ્વારા મળેલ સુચનાઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ હસ્તકની તમામ શાળાઓમાં નીચે મુજબ જણાવેલ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓ તેમજ આ સાથે સામેલ પત્ર મુજબ હાથ ધરવા જણાવવામાં આવે છે. ઉપરાંત શાળાઓમાં એસ.એમ.સી. મીટીંગ કરી તિથિ ભોજન આપવા માટે દાતાશ્રીઓને પ્રોત્સાહિત કરવા, થયેલ તિથિ ભોજન અંગેની માહિતી અત્રેની કચેરીના એમ.ડી.એમ. વિભાગ ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

- એનિમિયા
- વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ)
- પૂરક આહાર
- પોષણ ભી પઢાઈ ભી (પીબીપીબી)
- સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી
- સર્વગ્રાહી પોષણ (પોષણ સાથે જોડાયેલા તમામ આવશ્યક તત્વોને આવરી લે છે.)

બિડાણ:- સંદર્ભિત પત્રો

તા.૧૯-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

કમિશનરશ્રી, પીએમ પોષણ યોજનાની કચેરી
બી વીંગ, ૪થો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર , પુનીત વનની સામે,
સેક્ટર ૧૯, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૯
Email Id- commissionermdm@gmail.com, Office Contact No. 079-232-53450

PM POSHAN

પ્રતિ

(૧) કલેકટરશ્રી, જીલ્લા સેવા સદન, તમામ

(૨) માન. નિયામકશ્રી, બ્લોક નં-૯, શાળાઓની કચેરી,

ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(3) માન.નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન,

સેક્ટર-૧૭, ગાંધીનગર

(૪) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, પી એમ પોષણ યોજના,

મ્યુનિસિપલ કોર્પોરેશન તમામ

(૫) માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી,

બ્લોક નં-૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

સેક્ટર-૧૨, ગાંધીનગર.

વિષય :-**"રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર ૨૦૨૪"**ની ઉજવણી અન્વયે શિક્ષણ વિભાગે કરવાની થતી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ :-

(૧) ભારત સરકારશ્રીના સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા..૨૦/૦૮/૨૦૨૪ પત્ર નં. F.No.PA/248/2024/CPMU

(૨) ગુજરાત સરકારશ્રીના કમિશનર વ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસનો તા. ૨૮/૦૮/૨૦૨૪ પત્ર નં:ICDS/પોષણ અભિયાન/પોષણ માસ/સપ્ટેમ્બર-૨૦૨૪/૦૧/૨૦૨૪-૨૫

(3) ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના તા.૦૪/૦૯/૨૦૨૪નો પત્ર: D.O.No.1-4/2024-PMP(Health)

(૪) ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના તા.૦૪/૦૯/૨૦૨૪નો પત્ર: D.O. No.PA/248/2024-CPMU Part (1)

(૫) પી એમ પોષણ યોજના કચેરીના તા. ૦૪/૦૯/૨૦૨૪નો પત્ર: મભય/અમલ/પો.અ/૨૦૨૪-૨૫/૯૨૦૩-૯૩૦૭

(૬) આઈઆઈપીએચજીના તા. ૦૬/૦૯/૨૦૨૪નો પત્ર નં: IIPHG/OW/Sep/06/2024/03

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૪ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં કરવાની થાય છે. પોષણ માસ સપ્ટેમ્બર. -૨૦૨૨માં ભારત સરકારના સંદર્ભદર્શિત પત્રોથી મળેલ સૂચના મુજબ રાજ્યની તમામ શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય છે.

પોષણ માહ સપ્ટેમ્બર ૨૦૨૪માં ભારત સરકારના પત્રથી મળેલ સુચના મુજબ રાજ્યની તમામ શાળાઓમાં તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમ્યાન નીચે મુજબની થીમ પર ભાર મૂકી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય છે.

1. એનિમિયા
2. વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ)
3. પૂરક આહાર
4. **પોષણ ભી પઢાઈ ભી (PBPB)- પોષણ કક્ષા**
5. સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી
6. વૃક્ષારોપણ "એક પેડ મા કે નામ" – ન્યુટ્રીશન ગાર્ડન
7. સર્વગ્રાહી પોષણ (અન્ય સામાન્ય સંવેદનાત્મક પ્રવૃત્તિઓ)

પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૪માં ભારત સરકારના સંદર્ભમાં દર્શાવેલ તા..૨૦/૦૮/૨૦૨૪ના આ સાથે બિડેલ પત્રથી મળેલ સૂચનાઓ મુજબ પોષણ માહ તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બરની ઉજવણીના ભાગરૂપે **"રાષ્ટ્રીય પોષણ માહ" અંતર્ગત "પોષણ કક્ષા"** થીમને ધ્યાનમાં લઇ નીચે જણાવેલ પ્રવૃતિઓનું આપની કક્ષાએથી આયોજન કરાવવા જરૂરી કાર્યવાહી તથા આપની તાબાની કચેરીઓને માર્ગદર્શક સૂચનાઓ આપવા વિનંતી છે. ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના

તા.૦૪/૦૯/૨૦૨૪ના પત્રમા નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવા જણાવેલ છે.

૧. **એનિમિયા, વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ) અને પૂરક આહાર:**

- વર્ગખંડમાં બાળકો પાસે એનિમિયા વિષે ચર્ચા/ડીબેટ કરાવવી.
- આરોગ્ય અને શારીરિક સ્વાસ્થ્ય અંગે કિશોરીઓમાં જાગૃતિ હેતુથી ચર્ચા કરવા માટે હેલ્થ અને એક્ટિવિટી ક્લબનું આયોજન કરવું તથા શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની બેઠકમાં બાળકોને ભોજન લેતા પહેલા અને પછી હાથ ધોવાની અગત્યતા અને સંતુલિત આહારનો ઉપયોગિતા વિષે ચર્ચા કરવી.

૨. **પોષણ ભી પઢાઈ ભી (PBPB) – પોષણ કક્ષા (એનેક્ષર -૧):**

- પોષણ શપથ:- રાજ્યની દરેક શાળામાં વિદ્યાર્થીઓને ભારત સરકારશ્રી તરફથી મળેલ તા.૦૧/૦૯/૨૦૨૨ના આ સાથે બિડેલ પત્ર મુજબ ગુજરાતી ભાષામાં પોષણ અંગેની શપથ લેવરાવવી.

1. હું મારી જાતને સુપોષિત રાખીશ અને મારા મિત્રો અને પરિવારમાં સ્વસ્થપ્રદ આહારનો સંદેશ ફેલાવીશ.
2. હું જંક ફૂડ અને બિનઆરોગ્યપ્રદ સોફ્ટ ડ્રિંક્સ ખરીદીશ નહીં, તેનો પ્રચાર અને ઉપયોગ કરીશ નહીં અથવા ભેટ આપીશ નહીં.
3. હું લીલા પાંદડાવાળા શાકભાજી અને ફળો ખાઈશ. હું સુરક્ષિત રસોઈ અને ખાવાની આદતો અપનાવીશ અને પ્રોત્સાહન આપીશ.
4. હું નિયમિત સમયાંતરે પાણી પીતો રહીશ અને નિયમિતપણે હાથ ધોવાની તંદુરસ્ત આરોગ્યપ્રદ આદતોનો અભ્યાસ કરીશ.

- રાજ્યની દરેક શાળામાં પોષણ માહ દરમિયાન"પોષણ ભી, પઢાઈ ભી"ને સાંકળી પોષણ અંગે જાગૃતિ માટેના બેનર, સૂત્રો શાળામાં લગાવવા અને પોષણ જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવા.
- પોષણ મેળા, રેલી, શેરી નાટક દ્વારા પોષણ અંગે જાગૃતિ લાવવી તથા ખોરાકમાં પોષણલક્ષી અગત્યતા સમજાવવી.
- "શ્રી અન્ન- એ પોષક તત્વોનું પાવરહાઉસ છે" તેની ઉપર નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજવી.
- આરોગ્યપ્રદ ખોરાક અને પોષણલક્ષી બાબતોની વિગતોને સમાવતી ઈ- ક્વિઝ કોમ્પિટીશનMyGov પર આયોજન કરવું.

૩. **સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી**:

- "ટેકનોલોજીનો ઉપયોગ" વિષય ઉપર વિદ્યાર્થીઓ વિવિધ મૉડેલ તૈયાર કરે અને શાળામાં તેનું નિદર્શન/પ્રદર્શન કરાવવું.

**૪. વૃક્ષારોપણ "એક પેડ મા કે નામ"- ન્યુટ્રીશન ગાર્ડન:**

- વિદ્યાર્થીઓને શાળામાં સ્કૂલ ન્યુટ્રિશન ગાર્ડન (કિચન ગાર્ડન)ની પ્રવૃત્તિમાં પોષણલક્ષી શિક્ષણના હેતુથી સામેલ કરવા. પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૪માં રાજ્યની તમામ શાળાઓમાં ઝુંબેશ રૂપે "સ્કૂલ ન્યુટ્રિશન ગાર્ડન" (કિચન ગાર્ડન) વિકસાવવા માટેની પ્રવૃતિ હાથ ધરવાની છે. હાલમાં વર્ષા ઋતુ સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે હાલમાં વર્ષાઋતુના સમયમાં ખુબ જ અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે શાકભાજીના છોડ જેવા કે, રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદું તથા સરગવા, લીંબુ, જામફળ જેવા દીર્ઘાયુ રોપાઓનું વાવેતર કરાવવું.
- "શાળા/ઘર પર છોડવાઓ રોપવા અને સેલ્ફી લેવી" અને તે સોશિયલ મીડિયા પર શેર કરવા.

**૫. સર્વગ્રાહી પોષણ (અન્ય સામાન્ય સંવેદનાત્મક પ્રવૃત્તિઓ)**

- તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કૂક કમ હેલ્પર માટે તાલીમનું આયોજન કરવું.

ઉપર મુજબની પ્રવૃત્તિઓ દરેક શાળામાં આયોજિત થાય અને રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય તે માટે સઘન પ્રયત્નો કરવા વિનંતી છે. આ સાથે જોડેલ બિડાણનો વિગતે અભ્યાસ કરવો. ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે આપેલ PPT ની નકલ પણ આ સાથે સામેલ છે. રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળ શાળા અને બ્લોક લેવલની પ્રવૃતિઓની વિગતો poshanabhivaan.gov.in વેબસાઇટ પર અચૂક અપલોડ કરવાની સૂચનાઓ આપવા વિનંતી.

મદદનીશ કમિશનર

પીએમ પોષણ યોજના

ગાંધીનગર

બિડાણ: સંદર્ભ પત્રો ૧ થી ૬ અને ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે આપેલ PPT ની નકલ

નકલ સવિનય રવાના – જાણ અને જરૂરી કાર્યવાહી સારુ.

(૧) જીલ્લા પુરવઠા અધિકારી, પીએમ પોષણ, તમામ

(૨) નાયબ કલેક્ટરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન તમામ

(૩) જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, તમામ

(૪) નિયામકશ્રી, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન, ગાંધીનગર

# નાયબ કલેકટર પી.એમ.પોષણ યોજના શાખા

બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ-૩૮૦૦૦૮

ફોન.ન.૦૭૯-૨૫૪૬૧૩૯૩ E-mail:- maninagarmdm@gmail.com


નં.મભય/અશ/વશી-૨૪૫થી ૨૪૬/૨૦૨૪ જા.નં.- ૨૩૫થી ૨૩૭ તા.૩૦/૦૮/૨૦૨૪

પ્રતિ,

(૧) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
પાલડી,અમદાવાદ

(૨) પ્રા.શિક્ષણાધિકારીશ્રી,
અમદાવાદ શહેર,
બહુમાળી ભવન,હિમાલ્યા મોલની સામે,
વસ્ત્રાપુર,અમદાવાદ

વિષય:પોષણ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય પોષણ માહ "તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪"ની ઉજવણી કરવા બાબત

સંદર્ભ:(૧)મદદનીશ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક: મભય/અમલ/પો.અ/૨૦૨૪-૨૫/૯૨૦૩-૯૩૦૭ તા.૦૪/૦૯/૨૦૨૪ નો પત્ર

(૨)ભારત સરકારશ્રીના સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૦/૦૮/૨૦૨૪ પત્ર નં.F.No.PA/248/2024/CPMU

ઉપરોક્ત વિષય તથા વડીકચેરી પીએમ પોષણ યોજનાના સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૪ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઇ રહેલ છે. તે અંતર્ગત ભારત સરકારના સંદર્ભદર્શિતપત્રથી મળેલ સૂચનાઓ મુજબ રાજ્યની તમામ શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની રહેશે. જે થકી ઉજવણીનું આયોજન નીચેની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃતિઓ કરવા જણાવવામાં આવે છે.

- એનિમિયા
- વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ)
- પૂરક આહાર
- પોષણ ભી પઢાઇ ભી(PBPB)
- સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી
- સર્વગ્રાહી પોષણ (પોષણ સાથે જોડાયેલા તમામ આવશ્યક તત્વોને આવરી લે છે.)

સરકારના જુદા-જુદા વિભાગો સાથેના સંકલનથી પોષણ માસનો શુભારંભ અને તે અંતર્ગત કરવાની થતી થીમ મુજબની વિગતવાર માહિતી માટે ભારત સરકારનો પત્ર આ સાથે સામેલ રાખી આપને મોકલી રહ્યા છીએ, જે ધ્યાને લઇ આપના વિભાગ દ્વારા પણ સૂચવ્યા મુજબની પ્રવૃત્તિઓનું વિવિધ સ્તરે આયોજન થાય તે માટે આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

MID - DAY MEAL SCHEME * AHMEDABAD CITY *

નીરૂપા ગઢવી
નાયબ કલેકટર
પીએમ પોષણ યોજના(મ.ભ.યો.)
અમદાવાદ શહેર

નકલ સ.રવાના:- માન.ના.મ્યુ.કમિશનરશ્રી (મભોયો) અમદાવાદ મ્યુ.કોર્પોરેશન, સેન્ટ્રલઓફિસ બીજોમાળ,દાણાપીઠ અમદાવાદ જાણ થવા સારૂં.